ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# ભારતનો ડેરી ઉદ્યોગ

પરમાર મનિષા પી.
એમ.એ.
અર્થશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

**સારાંશ**

ડેરી ઉદ્યોગ ભારતમાં ઝડપી વિકાસ પામતો ઉદ્યોગ છે. ભારત સૌથી વધુ દૂધનો ઉત્પાદક અને વપરાશકારક દેશ છે. ડેરી ઉદ્યોગ દૂધ અને દૂધની બનાવટની નિકાસ કરીને કિંમતી એવુ વિદેશી હૂંડિયામણ મેળવે છે, પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી વધારે છે, તેથી લોકોની આવક વધે છે. ગ્રાહક યોગ્ય સમયે યોગ્ય કિંમતે ગુણવત્તાવાળી વસ્તુ મેળવી શકે છે. તે ઉપરાંત સ્ત્રી સશક્તિકરણમાં પણ ડેરી ઉદ્યોગનો મોટો ફાળો છે. આમ, ભારતના અર્થતંત્રમાં ડેરી ઉદ્યોગનું ઘણુ મહત્વ છે. પ્રસ્તુત સંશોધન લેખમાં ભારતનું કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાનું પ્રમાણ, ભારતના ડેરી ઉદ્યોગ દ્વારા કરવામાં આવતી નિકાસ, 'ઓપરેશન ફ્લડ' યોજના વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

**પ્રસ્તાવના**

કોઈ પણ દેશના અર્થતંત્રના વિકાસનો આધાર ત્રણ ક્ષેત્ર પર હોય છે (૧) પ્રાથમિક ક્ષેત્ર (૨) દ્વિતીય ક્ષેત્ર (૩) તૃતીયક્ષેત્ર. તેમાં પ્રાથમિક ક્ષેત્રમાં શિકાર, પશુપાલન પ્રવૃત્તિઓ, માછીમારી, વનીકરણ, કૃષિ અને ખાણકામનો સમાવેશ થાય છે. પ્રાથમિક ક્ષેત્ર કુદરત સાથે સીધો સંબંધ ધરાવે છે. કૃષિક્ષેત્રને ભારતીય અર્થતંત્રનુ કરોડરજ્જુ માનવામાં આવે છે. ભારતદેશએ કૃષિપ્રધાન અને ગામડાઓનો બનેલો દેશ છે. ૨૦૧૧ના આંકડા પ્રમાણે ભારતની કુલ વસ્તીના ૬૮.૮% લોકો ગામડામાં રહે છે. અને ૨૦૧૮ના આંકડા પ્રમાણે ભારતની ૫૦% વસ્તી કૃષિક્ષેત્રમાંથી રોજગારી મળવે છે. ખેડૂતો કૃષિની સાથે પૂરક વ્યવસાય પરી તરીકે પશુપાલન કરે છે. પશુપાલકોના દૂધને કાચામાલ તરીકે ઉપયોગ કરીને અત્યંત વિશિષ્ટ ક્ષેત્ર ડેરી ઉદ્યોગનો વિકાસ થયો છે ભારતનો ડેરી ઉદ્યોગ વાર્ષિક ૫ ટકાનો વૃદ્ધિદર ધરાવે છે. ભારતમાં ડેરી ઉદ્યોગ ઝડપી વિકાસ પામી રહ્યો છે કારણ કે રોકાણ કરવા માટે સારૂક્ષેત્ર છે. વસ્તીવધારા, શહેરીકરણ, ઔદ્યોગિકરણ, ઊંચા જીવનધોરણ, આવકમાં વધારો વગેરે કારણોને લીધે દિવસેને દિવસે દૂધ અને દૂધની બનાવટની માંગમાં વધારો થતો રહે છે.


- **ડેરી શબ્દનો અર્થ**

ડેરી શબ્દ દૂધ સાથે સંકળાયેલ છે. તેથી દૂધ સંબંધી સંપૂર્ણ વિજ્ઞાનનો તેમાં સમાવેશ થાય છે. ડેરી શબ્દ પ્રાચીન અંગ્રેજી ડીરી (Deyerie) ઉપરથી આવેલો છે. આ શબ્દ ડી (Dey) નું રૂપાંતરણ છે. ડી નો અર્થ સ્ત્રી નોકર એવો થાય છે. પ્રાચીન સમયમાં જાનવરોની દેખભાળ સ્ત્રી નોકરો દ્વારા કરવામાં આવતી હતી.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

સામાન્ય રીતે ડેરી એટલે એવું સ્થળ કે જ્યાં દૂધ સંગ્રહિત કરવામાં આવે છે, તેના પર પ્રક્રિયા કરવામાં આવે છે, દૂધમાંથી જુદા જુદા ઉત્પાદન બનાવવામાં આવે છે જેમ કે માખણ, ચીઝ , ઘી વગેરે અને તેનું વેચાણ કરવામાં આવે છે.

- **ડેરી ઉદ્યોગનું માળખું**




કુલ દૂધ ઉત્પાદનમાંથી ૫૪% દૂધનો સ્વવપરાશ માટે ઉપયોગ થાય છે. અને ૪૬% દૂધનું વેચાણ કરવામાં આવે છે. આ ૪૬% માંથી ૩૨% દૂધનું વેચાણ અસંગઠિત ક્ષેત્ર દ્વારા કરવામાં આવે છે. અને ૧૪% દૂધનું વેચાણ સંગઠિત ક્ષેત્ર દ્વારા કરવામાં આવે છે. સંગઠિત ક્ષેત્રમાં ૮% જેટલા દૂધનું વેચાણ સહકારી મંડળીઓ દ્વારા કરવામાં આવે છે. જ્યારે ૬% જેટલા દૂધનું વેચાણ ખાનગી ડેરીઓ દ્વારા કરવામાં આવે છે.

- **અભ્યાસના હેતુ**

(૧) ભારતનું કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાનું પ્રમાણ જાણવું.

(૨) ભારતના ડેરી ઉદ્યોગ દ્વારા કરવામાં આવતી નિકાસનો અભ્યાસ કરવો.

(3) 'ઓપરેશન ફ્લડ ' યોજના વિષે વિસ્તૃત માહિતી મેળવવી.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

### ➢ માહિતી એકત્રીકરણ અને સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં પુસ્તકો, સંશોધન નિબંધ, અને વેબસાઈટ પરથી ગૌણ માહિતી એકત્રીત કરીને પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં આવ્યો છે. અને સંશોધન પદ્ધતિઓ પૈકીની વર્ણાનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ➢ માહિતીનું વિશ્લેષણ

**ભારતમાં દૂધનું ઉત્પાદન અને માથાદીઠ દૂધ પ્રાપ્યતા**

| વર્ષ | દૂધનું ઉત્પાદન (મિલિયન ટન) | માથાદીઠ પ્રાપ્યતા (ગ્રામ/દિવસ) |
|---|---|---|
| **૨૦૧૧-૧૨** | ૧૨૭.૯ | ૨૯૦ |
| **૨૦૧૨-૧૩** | ૧૩૨.૪ | ૨૯૯ |
| **૨૦૧૩-૧૪** | ૧૩૭.૭ | ૩૦૭ |
| **૨૦૧૪-૧૫** | ૧૪૬.૩ | ૩૨૨ |
| **૨૦૧૫-૧૬** | ૧૫૫.૫ | ૩૩૭ |
| **૨૦૧૬-૧૭** | ૧૬૫.૪ | ૩૫૫ |
| **૨૦૧૭-૧૮** | ૧૭૬.૩ | ૩૭૫ |
| **૨૦૧૮-૧૯** | ૧૮૭.૭ | ૩૯૪ |

Source :https://www.nddb.org

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટકમાં ૨૦૧૧-૧૨ થી ૨૦૧૮-૧૯ વર્ષ સુધીમાં ભારતમાં થયેલ કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. ૨૦૧૧-૧૨ માં ભારતમાં ૧૨૭.૯ મિલિયન ટન દૂધનું ઉત્પાદન હતું. જે વધીને ૨૦૧૫-૧૬માં ૧૫૫.૫ મિલિયન ટન થયું અને ૨૦૧૮-૧૯ માં વધીને ૧૮૭.૭ મિલિયન ટન થયુ. ભારતમાં માથાદીઠ પ્રાપ્યતાનું પ્રમાણ જોઈએ તો ૨૦૧૧-૧૨ માં માથાદીઠ પ્રાપ્યતાનું પ્રમાણ ૨૯૦ (ગ્રામ/દિવસ) હતું જે વધીને ૨૦૧૫-૧૬માં ૩૩૭ (ગ્રામ/દિવસ) થયું અને ૨૦૧૮-૧૯માં વધીને ૩૯૪ (ગ્રામ/દિવસ) થયું. આમ, ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે

૨૦૧૧-૧૨ થી ૨૦૧૮-૧૯ વર્ષ સુધીમાં ભારતમાં થયેલ કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાના પ્રમાણમાં સતત વધારો થયો છે.

- **વિશ્વના દુધ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો**

| વર્ષ | વિશ્વનું કુલ દૂધ ઉત્પાદન | ભારતનું દૂધ ઉત્પાદન | ભારતનો હિસ્સો |
|---|---|---|---|
| **૨૦૧૧** | ૭,૪૧,૬૬૨.૮૭ | ૧,૨૮,૧૨૪.૦૨ | ૧૭.૨૮ |
| **૨૦૧૨** | ૭,૫૯,૨૫૪.૫૯ | ૧,૩૨,૬૪૭.૧૫ | ૧૭.૪૭ |
| **૨૦૧૩** | ૭,૬૭,૭૦૫.૩૬ | ૧,૩૭,૮૯૯.૬૦ | ૧૭.૯૬ |
| **૨૦૧૪** | ૭,૯૩,૮૬૬.૧૫ | ૧,૪૬,૫૨૫.૬૫ | ૧૮.૪૬ |
| **૨૦૧૫** | ૮,૦૦,૯૬૮.૮૧ | ૧,૫૫,૬૯૨.૫૧ | ૧૯.૪૪ |
| **૨૦૧૬** | ૮,૦૯,૬૭૦.૪૫ | ૧,૬૫,૩૩૧.૮૮ | ૨૦.૪૨ |
| **૨૦૧૭** | ૮,૦૪,૬૧૭.૨૧ | ૧,૭૬,૨૭૨.૩૬ | ૨૧.૯૧ |

Source **:- https://a**peda.gov.in

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટકમાં ૨૦૧૧ થી ૨૦૧૭ના વર્ષ સુધીમાં વિશ્વના કુલ દૂધના ઉત્પાદનમાં ભારત કેટલો હિસ્સો ધરાવે છે તેનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. ૨૦૧૧ માં વિશ્વના કુલ દૂધના ઉત્પાદનમાં ૧૭.૨૮% હિસ્સો ભારતનો હતો. જે વધીને ૨૦૧૫માં ૧૯.૪૪% થયો અને ૨૦૧૭ માં વિશ્વના કુલ દૂધના ઉત્પાદનમાં ૨૧.૯૧% હિસ્સો ભારતનો રહ્યો છે. આમ, ૨૦૧૧ થી ૨૦૧૭ના વર્ષ સુધીમાં વિશ્વના કુલ દૂધના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો સતત વધતો રહ્યો છે.

- **ભારતના ડેરી ઉદ્યોગની નિકાસ**

| વર્ષ | જથ્થો (MT) | કિંમત ( US$ Million ) |
|---|---|---|
| **૨૦૧૧-૧૨** | ૨૫,૬૩૯.૫૩ | ૬૦.૩૬ |
| **૨૦૧૨-૧૩** | ૮૭,૪૨૩.૩૯ | ૨૫૮.૬૫ |
| **૨૦૧૩-૧૪** | ૧,૫૮,૨૦૩.૯૨ | ૫૪૨.૭૩ |
| **૨૦૧૪-૧૫** | ૬૬,૩૧૧.૮૬ | ૧૯૭.૫૮ |
| **૨૦૧૫-૧૬** | ૩૩,૨૪૯.૭૧ | ૧૧૪.૭૬ |
| **૨૦૧૬-૧૭** | ૩૯,૧૬૬.૯૭ | ૧૩૫.૩૬ |
| **૨૦૧૭-૧૮** | ૪૮,૦૩૯.૪૧ | ૧૮૫.૪૮ |
| **૨૦૧૮-૧૯** | ૯૮,૮૭૨.૮૭ | ૨૯૫.૦૩ |

Source :- https://apeda.gov.in

**અર્થઘટન**

ઉપરોક્ત કોષ્ટકમાં ૨૦૧૧-૧૨ થી ૨૦૧૮-૧૯ના વર્ષ સુધીમાં ભારતમાં ડેરી ઉદ્યોગ દ્વારા કરવામા આવેલી નિકાસનો જથ્થો અને તેની કિંમત દર્શાવવામાં આવી છે. વર્ષ ૨૦૧૧-૧૨ માં ૬૦.૩૬ ( US$ Million) કિંમતની નિકાસ કરવામાં આવી હતી. ૨૦૧૨-૧૩ થી ૨૦૧૫-૧૬ ના વર્ષ સુધી નિકાસની કિંમતમાં વધારો- ઘટાડો થયેલો જોવા મળે છે. ૨૦૧૬-૧૭ થી ૨૦૧૮-૧૯ ના વર્ષ સુધી નિકાસની કિંમતમાં વધારો સતત વધારો થયેલો જોવા મળે છે. તથા ૨૦૧૧-૧૨ ના વર્ષમાં કરવામાં આવેલ નિકાસની કિંમત સૌથી ઓછી છે. અને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કરવામાં આવેલ નિકાસની કિંમત સૌથી વધુ છે.

- **ઓપરેશન ફ્લડ યોજના**

ડૉ. કુરિયને રજૂ કરેલી દરખાસ્ત સરકાર દ્વારા FAO સમક્ષ ૧૯૬૯ ના એપ્રિલમાં રજૂ થઇ વિશ્વ અન્ન કાર્યક્રમ (WEP) અને FAO ના બધા વિભાગીય અધ્યક્ષોની લંબાણભરી ચર્ચાને અંતે દરખાસ્ત મંજૂર કરવામાં આવી. આ યોજનાને FAO એ ' WFP-૬૧૮' એવું નામ આપેલું. કુરિયને તેનું નવું નામ

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

'ઓપરેશન ફ્લડ' આપ્યું અને આ યોજનાને ઓપરેશન ફ્લડ તરીકે ઓળખાય છે. ઓપરેશન ફ્લડ યોજનાની શરૂઆત ૧૯૭૦માં શરૂ થઇ હતી. આ યોજના હેઠળ ભારતના મુખ્ય શહેરો જેવા મુંબઈ, કોલકતા, દિલ્હી તથા બેંગ્લોરની દૂધની અછત દૂર કરવા ગુજરાત, મહારાષ્ટ્ર તથા ઉત્તર પ્રદેશમાંથી દૂધ એકત્ર કરી મિલ્કગ્રીડ યોજના મારફત દૂધ પૂરું પાડવાનું આયોજન કરવામાં આવેલ હતું.

- **હેતુ**

(૧) રાજ્યનાં મોટા શહેરો તથા અન્ય ભાગોમાં સહકારી ધોરણે વ્યાજબી ભાવે દૂધ ઉપલબ્ધ કરવું.

(૨) દૂધ સંરક્ષણ બજાર તથા પરિવહન અંગેની વ્યવસ્થા ગોઠવી, શહેર તથા ગ્રામીણ પ્રજાને સારી હાલતમાં સસ્તુ આરોગ્યપ્રદ દૂધ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૩) દુધાળી ગાયો તથા ભેંસોની દૂધ ઉત્પાદન ક્ષમતામાં વૃદ્ધિ કરી તેનું યોગ્ય જતન કરવું.

(૪) સંકર સંવર્ધનથી વધુ દુધાળા જાનવરોની ઉત્પત્તિ કરવી, જેથી દૂધ ઉત્પાદન ક્ષમતા વધતાં દૂધ ઉત્પાદનમાં વધારો થાય.

(૫) વધુ ઉત્પાદન આપે તેવો સારી જાતનો ઘાસચારો અને સમતોલ પશુઆહાર ઉપલબ્ધ કરવો. જાનવરો સારી રીતે નિભાવી શકાય અને પરિણામે દૂધ ઉત્પાદનની ગુણવત્તા પણ જળવાઈ રહે.

(૬) દૂધના એકત્રિકરણ બાદ તેની બજાર વ્યવસ્થા અને વધારાના દૂધમાંથી પાવડર, માખણ અને આડપેદાશો ઉભી કરવી.

VIDHYAYANA

(૭) સરકારશ્રીની પશુસંવર્ધનની નીતિ અનુસાર સંવર્ધન કાર્યક્રમોમાં સફળતા મળે તેવા સારા તમામ પગલા હાથ ધરવા કે જેથી બિન ઉત્પાદક જાનવરોની ઉત્પત્તિ ઘટે અને દુધાળા જાનવરોની સંખ્યા વધે.

ટૂંકમાં કહીએ તો ઓપરેશન ફ્લડ યોજનાના મુખ્ય ઉદ્દેશ દૂધની ઉત્પાદનની વૃદ્ધિ, ગ્રામીણ આવક વધારવી અને ગ્રાહકો માટે વ્યાજબી ભાવ.

- **ઓપરેશન ફ્લડના તબક્કાઓ**

ઓપરેશન ફ્લડના ત્રણ તબક્કા અમલમાં મુકાયા છે

**(૧) પ્રથમ તબક્કો (૧૯૭૦ થી ૧૯૮૧)**

FAO ના વિશ્વ અન્ન કાર્યક્રમ હેઠળ ૧,૨૮,૫૨૦ મેટ્રિક ટન દૂધનો પાવડર અને ૪૨,૮૪૦ મેટ્રિક ટન બટર ઓઈલની સહાય ભારતને મળી. વિદેશમાંથી પ્રાપ્ત થયેલ દૂધ પાવડર તથા બટર ઓઈલના વેચાણ દ્વારા પ્રાપ્ત થનાર આવકમાંથી ચાર મહાનગરો દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈ તથા મુંબઈના ગ્રામ વિસ્તારોમાં આણંદ પેટર્ન મુજબ ડેરી વિકાસના કાર્યક્રમો હાથ ધરી દૂધના ઉત્પાદનમાં વૃદ્ધિ કરવી અને બજાર વ્યવસ્થા ગોઠવવી તેવો મુખ્ય આશય હતો. આ કાર્યક્રમના અમલ માટે વડોદરામાં ફેબ્રુઆરી ૧૯૭૦ માં ઇન્ડિયન ડેરી કોર્પોરેશનની સ્થાપના થઇ હતી અને એન.ડી.ડી.બી.ના ટેકનિકલ માર્ગદર્શન હેઠળ આ યોજના કાર્યરત થઈ. ડેરી પેદાશોના વેચાણ દ્વારા ૧૧૬.૫૪ કરોડની આવક થઈ. આ કાર્યક્રમમાં ગ્રામીણ કક્ષાએ દૂધ ઉત્પાદકો, દૂધ એકત્રિકરણ કરનાર સહકારી મંડળીઓ, બજાર વ્યવસ્થા, અને દૂધ સંઘ સુધીનું માળખું વ્યવસ્થિત ગોઠવવાના પ્રયત્નો થયા.

ઓપરેશન ફ્લડના પ્રથમ તબક્કામાં જિલ્લા દૂધ સંઘોની સંખ્યા ૩૯, પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સંખ્યા ૧૩.૩૦૦, ખેડૂત સભાસદ ૧૭.૫ લાખ અને ઓપરેશન ફ્લડના પ્રથમ તબક્કામાં ૧૧૬.૫૪ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું.

VIDHYAYANA

**(૨) બીજો તબક્કો (૧૯૮૧ થી ૧૯૮૫)**

પ્રથમ તબક્કો સફળ થતાં ૧૯૮૧ થી બીજો તબક્કો શરૂ થયો. આ સમયગાળા દરમ્યાન આણંદ પેટર્ન મુજબના બે સ્તરના સહકારી સંસ્થાઓના માળખામાં ત્રીજા સ્તરનું રાજ્ય સહકારી ફેડરેશન ઉમેરાયું. આમ પ્રાથમિક સ્તરે દુધ ઉત્પાદક મંડળી, જિલ્લા સ્તરે સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને રાજ્ય સ્તરે સહકારી ફેડરેશન એવા ત્રિસ્તરીય સહકારી માળખાંનો વિકાસ થયો.

આંતરરાષ્ટ્રીય વિકાસ મંડળ દ્વારા મળેલી સહાયમાંથી કર્ણાટક, મધ્યપ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનમાં બીજો તબક્કો શરૂ થયો. આ તબક્કામાં કુલ ૨૭૩ કરોડ રૂ.ની નાણાકીય જોગવાઈ હતી. જે પૈકી આશરે ૧.૫ કરોડ ડોલર વિશ્વબેંકની લોન તરીકે અને બાકીની રકમ યુરોપિયન આર્થિક બજાર દેશો તરફથી ડેરી પેદાશોની ભેટમાંથી ઉપલબ્ધ થઈ. ઓપરેશન ફ્લડ - 2 દરમિયાન રાષ્ટ્રીય

મિલ્કગ્રીડ દેશના ૧૪૮ શહેરોને ૧૩૬ દુધ ઉત્પાદક કેન્દ્રો દ્વારા જોડવામાં આવ્યા. આને લીધે આશરે ૧.૫ કરોડ શહેરી ઉપભોક્તાને સ્વાસ્થ્યપ્રદ દૂધ મળતું થયું.

તબક્કાને અંતે જિલ્લા દૂધ સંઘોની સંખ્યા ૧૩૬, ૩૪.૫ હજાર પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ૩૬.૩ લાખ સભાસદો સાંકળવામાં આવ્યા હતાં અને ૨૨૭.૧૭ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું.

**(૩) ત્રીજો તબક્કો (૧૯૮૫ થી ૧૯૯૬)**

ઓપરેશન ફ્લડ યોજનાના અગાઉના બે તબક્કાઓ સફળ થવાથી ત્રીજો તબક્કો ૧૯૮૫ થી શરૂ કરવામાં આવ્યો. આ તબક્કો ૧૯૯૪માં પૂરો થવાનો હતો પરંતુ તેને લંબાવવામાં આવ્યો હતો. આ તબક્કામાં વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, પશુ સારવાર અને પશુ સંવર્ધનની કામગીરી હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે તેમ જ મંડળીઓના વહીવટને કાર્યક્ષમ બનાવવા માટે નાણાકીય સહાય આપવાનું પણ વિચારવામાં આવેલ. દૂધ મંડળીઓના પગાર, ખર્ચમાં સહાય , જરૂરી સાધનો ખરીદવામાં સહાય, કૃત્રિમ બીજદાન માટેના સ્ટેન્ડ, તથા પશુઓની પ્રાથમિક સારવાર માટેની કીટ, અને ૭૦:30 ના ધોરણે લોન સહાય આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

આ સમયગાળા દરમિયાન ગ્રામીણ ડેરીની પ્રોસેસિંગ ક્ષમતા ૧૯૩.૭ (લાખ લીટર/ દિવસ) તથા દૈનિક દૂધનું બજાર મેટ્રો ડેરી ૩૮ (લાખ લીટર/ દિવસ) હતુ. આ યોજનાની નાણાકીય જોગવાઈ ૩૬૫ કરોડ ડોલરની વિશ્વ બેન્કની લોન, ૨૨૨.૬ કરોડની ખાદ્ય સહાય યુરોપિયન આર્થિક સમુદાયમાંથી સહાયરૂપે અને ૨૦૭.૭ કરોડ રૂ. એન.ડી.ડી.બી.ના સ્વભંડોળમાંથી થશે એવું અંદાજવામાં આવ્યો હતું.

તબક્કા ત્રણના અંતે ૧૭૦ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો, ૭૨.૯ હજાર પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ૯૩.૧ લાખ સભાસદો થયા હતાં. જ્યારે દૈનિક દૂધનું ઉત્પાદન ૧૧૫ લાખ કિગ્રા થયું. અને આ તબક્કામાં ૧૩૦૩.૧૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું.

➢ **તારણો**

- ૨૦૧૧-૧૨ થી ૨૦૧૮-૧૯ વર્ષ સુધીમાં ભારતમાં થયેલ કુલ દૂધનું ઉત્પાદન અને માથાદીઠ પ્રાપ્યતાના પ્રમાણમાં થયેલો સતત વધારો દેશના ડેરી ઉદ્યોગની સારી સ્થિતીનો નિર્દેશ કરે છે.
- ૨૦૧૧ થી ૨૦૧૭ના વર્ષ સુધીમાં વિશ્વના કુલ દૂધના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો સતત વધતો રહ્યો છે. તેના આધારે કહિ શકાય કે દેશનો ડેરી ઉદ્યોગ ઝડપી વિકાસ પામી રહ્યો છે.
- વર્ષ ૨૦૧૧-૧૨ની તુલનાએ ૨૦૧૮-૧૯ના વર્ષમાં નિકાસની કિંમતમાં વધારો થયો છે. આમ, નિકાસ કરીને દેશ માટે કિંમતી એવુ વિદેશી હૂડિયામણ મેળવવામાં ડેરી ઉદ્યોગ ઉપયોગી બને છે.

**સંદર્ભસૂચિ**

(૧) હસમુખ દેસાઈ, (૨૦૦૯) ‘ દૂગ્ધ પર્વ ’ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

(૨) કૃણાલ કડિયા અને અન્યો, (૨૦૧૭) ‘ ડેરી ઉદ્યોગ ’ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

**(૩) https://apeda.gov.in**

**(૪) https://www.nddb.org**

(૫) https://em.m.wikipedia.org.>wiki

VIDHYAYANA